## **–:ઠરાવ:–**

**૧.** આરોપીને આજ રોજ કોર્ટમાં હાજર તેની સામે ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ ગુનો કબુલ કરેલ છે.જે કબુલાત પુરસીસ આંક– ૦૬ આરોપીઓને તેની સામેનાં ગુનાની સજાની જોગવાઈ અને દંડની સમજ કરેલ તેમ છતાં આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છાએ કબુલ કરે છે અને જણાવે છે કે, તેઓ ગરીબ અને બાલબચાવાળા માણસ છે. કુટંબની સઘળી જવાબદારી તેમના શીરે છે. જો તેઓને વધુ સજા કરવામાં આવે તો તેમના પરિવારનાં જીવન નિર્વાહની ભયંકર સમસ્યા ઉભી થાય છે. તેઓ એક માત્ર પરિવારની આજીવીકા કમાનાર છે ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપે છે. તેથી રહેમ બતાવી નામદાર કોર્ટને યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

**૨.** આરોપીની ઉકત કબુલાત જોતાં તેઓએ અત્યંત ગરીબવર્ગનાં ઈસમ છે. તેઓનાં પરીવારમાં તેઓ એકમાત્ર કમાનાર સભ્ય છે તેઓ વિના તેમનાં પરીવારની આજીવીકાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે તેમજ તેમના પરીવારનાં ભરણપોષણ અને નિર્વાહની સમસ્યા બની રહે તેમ છે. હાલનાં કેસમાં આરોપી અત્યંત ગરીબવર્ગના છે અને તેઓનાં પરીવારની સઘળી જવાબદારી તેઓનાં શીરે છે.

**૩.** આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી . આરોપી અત્યંત ગરીબવર્ગનાં માણસ છે તેઓનાં પરીવારની સઘળી જવાબદારી તેઓનાં શીરે છે. સદરહું આરોપીની રજુઆત લક્ષમાં લઈ તથા ઉકત સઘળા સંજોગો અને પરિસ્થિતીઓ ધ્યાને લઈ તથા નામદાર ગજરાત હાઈકોર્ટનો ૨૦૦૫(૧) જી.એલ.આર૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્રજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ

ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આરોપીઓઃ  સમશેર સ/ઓ કાલુસિંહ, ઉ.વ.પુખ્ત, રહેઃ અમદાવાદનાઓને રેલ્વે એકટની કલમ ૧૬૦(૨) મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને રુપિયા ૨૦૦૦/– (અંકે બે હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન ૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. (કુલ દંડની રકમ ૨૦૦૦/–)

મુદામાલ સબંધે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.અને જો વચગાળાનો હુકમ થયેલ ન હોય તો મુદદામાલની ખરાઈ કરી ત.ક.અ.શ્રી એ મુદદામાલ મુળ માલિકને પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૯/૦૯/૨૦૨૩**
**અમદાવાદ.**
PA:RUTVIK SHAH

**(ડબ્લ્યુ.આર.મલીક)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નં.૫ અમદાવાદ,કોડ નં.જીજે૦૧૧૪**